**ગુજરાત મેડીકલ એજ્યુકેશન અને રીસર્ચ સોસાયટી**

"ઓ" બ્લોક, ન્યુ મેન્ટલ હોસ્પિટલ બિલ્ડીંગ, ન્યુ સિવિલ

હોસ્પિટલ કેમ્પસ, પથિકાશ્રમ હોટલ સામે, સેક્ટર -૧૨,

ગાંધીનગર-૩૮૨૦૧૬

(ગુજરાત રાજ્ય સરકાર દ્વારા સ્થાપિત)

## જાહેરાત

જીએમઇઆરએસના નિયંત્રણ હેઠળના મેડીકલ કોલેજ સલગ્ન હોસ્પિટલ ખાતે આસીસ્ટન્ટ હોસ્પિટલ એડમીનીસ્ટ્રેટરની ખાલી જગ્યાઓ ભરવા માટે લાયકાત ધરાવતા ઉમેદવારો પાસેથી, ટપાલ ધ્વારા રજી. એડીથી આ કચેરીને તા.૨૫/૧/૧૭ ના રોજ સાંજના ૬.૧૦ કલાક સુધીમાં મળી જાય તે રીતે અરજીઓ મંગાવવામાં આવે છે.

અરજીપત્રક અને વધુ વિગતો અમારી વેબસાઇટ

www.gmers.gujarat.gov.in ઉપર ઉપલબ્ધ છે:

ક્રમાંક:૧/૨૦૧૭ ચેરમેન

# ગુજરાત મેડીકલ એજયુકેશન એન્ડ રીસર્ચ સોસાયટી,ગાંધીનગર

**"ઓ" બ્લોક, ચોથો માળ, ન્યુ ઓપીડી બિલ્ડીંગ, સીવીલ હોસ્પિટલ કેમ્પસ, પથિકાશ્રમ હોટલ સામે, સેકટર–૧૨, ગાંધીનગર–૩૮૨૦૧૬**

(ગુજરાત રાજય સરકાર ધ્વારા સ્થાપિત)

## જાહેરાત

ગુજરાત મેડીકલ એજયુકેશન એન્ડ રીસર્ચ સોસાયટી, ગાંધીનગરના નિયંત્રણ હેઠળની મેડીકલ કોલેજ સંલગ્ન હોસ્પિટલ ખાતે આસીસ્ટન્ટ હોસ્પીટલ એડમીનીસ્ટ્રેટર (એએચએ) ની જગ્યાઓ ભરવા લાયકાત ધરાવતા ઉમેદવારો પાસેથી આ કચેરીને તા.૨૫/૦૧/૧૭ ના રોજ સાંજના ૬:૧૦ કલાક સુધીમાં ચીફ એકઝીકયુટીવ ઓફીસર, ગુજરાત મેડીકલ એજયુકેશન એન્ડ રીસર્ચ સોસાયટી, "ઓ" બ્લોક, ચોથો માળ, ન્યુ ઓપીડી બિલ્ડીંગ, સીવીલ હોસ્પિટલ કેમ્પસ, પથિકાશ્રમ હોટલ સામે, સેકટર–૧૨, ગાંધીનગર–૩૮૨૦૧૬ મળી જાય તે રીતે રજીએડીથી અરજીઓ મંગાવવામાં આવે છે.

(૧) **<u>શૈક્ષણિક લાયકાતઃ –</u>**

(અ) માન્ય યુનિવર્સીટીના બીઝનેસ એડમીનીસ્ટ્રેશનના અનુસ્નાતક **અથવા** ડીસ્ટન્સ લર્નીંગ ન હોય તેમજ બે વર્ષથી ઓછો સમયનો ન હોય તેવો માન્ય યુનિવર્સીટીનો હોસ્પિટલ એડમીનીસ્ટ્રેશન એન્ડ હોસ્પિટલ મેનેજમેન્ટ અથવા હોસ્પિટલ એન્ડ હેલ્થ મેનેજમેન્ટનો પોસ્ટ ગ્રેજયુએટ ડીપ્લોમા કોર્ષ

(બ) **અનુભવ :–**
૫૦ પથારીની હોસ્પિટલનો અથવા મેડીકલ /ડેન્ટલ કાઉન્સિલ ઓફ ઈન્ડિયા ધ્વારા માન્ય મેડીકલ કોલેજનો અથવા નેશનલ બોર્ડ ઓફ એડમીનીસ્ટ્રેશન ધ્વારા માન્ય શૈક્ષણિક સંસ્થાનો નિયત લાયકાત મેળવ્યા પછીનો બે વર્ષનો અનુભવ

(ક) **કોમ્પ્યુટર નોલેજ :–**
ઉમેદવાર કોમ્પ્યુરના ઉપયોગ અંગેની પાયાની જાણકારી અંગે બેઝીક નોલેજ ઓફ કોમ્પ્યુટર એપ્લીકેશન ધરાવતા હોવા અંગે કોઈ પણ સરકાર માન્ય તાલીમ સંસ્થાનું પ્રમાણપત્ર ધરાવતા હોવા જોઈએ. આવું પ્રમાણપત્ર ન ધરાવતા ઉમેદવારો પણ અરજી કરી શકશે. પરંતુ નિમણુંક મેળવતાં પહેલા આ પ્રમાણપત્ર અચુક રજુ કરવાનું રહેશે. અન્યથા નિમણુંક મળવાને પાત્ર રહેશે નહીં.

(૨) <u>ઉંમર :–</u>
૩૫ વર્ષથી વધુ નહીં

(3) **<u>પગાર ધોરણઃ–</u>**
આ જગ્યાનું પગાર ધોરણ ૯૩૦૦–૩૪૮૦૦ ગ્રેડ પે–૪૬૦૦ છે.

(૪) **<u>નાગરિકત્વ :-</u>** ઉમેદવાર ભારતનો નાગરિક હોવો જરૂરી છે.

(૫) **<u>અનામતઃ–</u>**

રોસ્ટર પ્રમાણે અનુસુચિત જાતિની ૭%, અનુસુચિત જન જાતિની ૧૫% અને શા.શૈ.પ.વ.ની ૨૭% અનામત જગ્યાઓ ફકત મુળ ગુજરાતના અનુસુચિત જાતિ, અનુસુચિત જન જાતિ અને શા.શૈ.પ.વ.ના ઉમેદવારો માટે અનામત રાખવાની રહે છે.સામાજીક અને શૈક્ષણક પછાત ઉમેદવારોએ નાણાંકીય ઉન્નત વર્ગમાં ન હોવા અંગેનું પ્રમાણપત્ર રજુ કરશે તો જ તેઓને અનામતનો લાભ મળવાપાત્ર થશે.



C:\Users\ADMIN\AppData\Local\Temp\GMERS-AHA-Advt_1BAE87.docx

મહિલા માટે ૩૦% જગા અનામત છે. જે જે તે અનામત / બિનઅનામત જગા સામે સરભર કરવાની રહે છે. મહિલા ઉમેદવારો માટેની અનામત જગ્યાઓ માટે જો લાયક ઉમેદવારો ઉપલબ્ધ ન થાય તો તે જગ્યાઓ જે તે પુરુષ ઉમેદવારોથી ભરવાની રહે છે.

માજી સૈનિક માટે કુલ ભરવાપાત્ર જગાના ૧૦% જગા અનામત છે. અને આ ઉમેદવારોને જે તે અનામત અને બિનઅનામત જગા સામે સરભર કરવાની રહે છે. માજી સૈનિક માટેની અનામત જગા માટે જો લાયક ઉમેદવારો ઉપલબ્ધ થશે નહીં તો તે જગ્યાઓ અન્ય લાયક ઉમેદવારોથી ભરવાની રહે છે.

શા.ખો.ખાં.ના ઉમેદવારો માટે ૩% જગ્યાઓ અનામત છે. અને આ ઉમેદવારોને જે તે અનામત / બિનઅનામત સામે સરભર કરવાની રહે છે. આવા ઉમેદવારો ઉપલબ્ધ નહીં થાય થાય તો  તે જગા અન્ય લાયક ઉમેદવારોથી ભરવાની રહે છે.

હાલના ખાલી જગ્યા નીચે પ્રમાણે ભરવાના છે.

| કુલ | એસસી | એસટી | એસઇબીસી | સામાન્ય | મહિલા અનામત | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | એસસી | એસટી | એસઇબીસી | સામાન્ય |
| ૮ | ૦ | ૧ | ૨ | ૫ | ૦ | ૦ | ૦ | ૧ |

## (૬) વયમર્યાદામાં છુટછાટ : –

મુળ ગુજરાતના હોય તેવા અનુ.જાતિ, અનુ. જન જાતિ, સામાજીક અને શૈ.પછાત ઉમેદવારોને ઉપલી વય મર્યાદામાં પાંચવર્ષની છુટછાટ આપવામાં આવશે.

સામાજીક અને શૈક્ષણક પછાત ઉમેદવારોએ ઉન્નત વર્ગમાં ન હોવા અંગેનું પ્રમાણપત્ર રજુ કરશે તો જ તેઓને વયમર્યાદામાં  છૂટછાટ મળવાપાત્ર થશે.

૪૦% કે તેથી વધુ શારીરિક અશકતતા ધરાવતા ઉમેદવારોને ઉપલી વય મર્યાદામાં દસ વર્ષની છુટછાટ મળવાપાત્ર થશે.

અનામત કક્ષાના /શારીરીક અશકતતા ધરાવતા ઉમેદવારોને મળવાપાત્ર ઉપલી વયમર્યાદાની છુટછાટ ઉપરાંત મહિલા તરીકે પાંચ વર્ષની છુટછાટ મળવાપાત્ર થશે.

મહિલા ઉમેદવારોને ઉપલી વયમર્યાદામાં પાંચ વર્ષની છુટછાટ આપવામાં આવશે.

માજી સૈનિક ઉમેદવારો કે જેઓએ જળ, વાયુ અને ભૂમિ આર્મી ફોર્સમાં  ઓછામાં ઓછા છ માસની સેવા કરી હોય અને માજી સૈનિક તરીકેનું સક્ષમ અધિકારીનું ઓળખ કાર્ડ /પ્રમાણપત્ર ધરાવતા હોય તો તે ઉપલી વય મર્યાદામાં તેઓએ બજાવેલ ફરજ ઉપરાંત ત્રણ વર્ષ સુધીની છુટછાટ મળવાપાત્ર થશે.

ગુજરાત મેડીકલ એજ્યુકેશન એન્ડ રીસર્ચ સોસાયટી /સરકાર/ પંચાયતમાં ફરજ બજાવતા કર્મચારીઓને ઉપલી વય મર્યાદામાં છુટ છાટ આપી શકાશે.

ઉંમર છુટછાટ અંગે ઉપરની કોઈ પણ જોગવાઈ હોવા છતાં કોઈ પણ ઉમેદવારની નિયત તારીખે કોઈ પણ સંજોગોમાં ઉંમર ૪૫ વર્ષથી વધવી જોઈએ નહીં.

**(૭) <u>અરજી ફી :</u>**

૧. અરજી ફી રૂા.૨૦૦/–

૨. અનુસુચિત જાતિ, અનુસુચિત જનજાતિ, સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ તથા શારીરિક વિકલાંગ ઉમેદવારોએ કોઈ ફી ભરવાની રહેશે નહી.

૩. સામાન્ય ઉમેદવારની ફી ભર્યા વગરની અરજી માન્ય રહેશેં નહીં.

૪. અરજી ફી કોઇપણ કારણોસર પરત કરવામાં આવશે નહિ.

૫. અરજી ફી પેટે ચીફ એકઝીકયુટીવ ઓફીસર જીએમઈઆરએસ ગાંધીનગરના નામનો ગાંધીનગર ખાતે વટાવી શકાય તેવો કોઈ પણ રાષ્ટ્રીયકૃત બેંકનો રૂા.૨૦૦ નો ડીમાન્ડ ડ્રાફટ અરજી સાથે રજુ કરવાનો રહેશે. અન્ય કોઈ પણ રીતે ફી સ્વીકારવામાં આવશે નહીં.

**(૮) <u>અરજી કરવાની રીતઃ</u>**

(૧) અરજદાર જીએમઈઆરએસની www.gmers.gujarat..gov.in વેબસાઇટ ઉપરથી નિયત અરજીપત્રક ડાઉનલોડ કરી જરૂરી પ્રમાણપત્રોની સેલ્ફ એટેસ્ટેડ ઝેરોક્ષ નકલ અને અરજી ફીની નકલ સાથે, ચીફ એકઝીકયુટીવ ઓફીસર, ગુજરાત મેડીકલ એજયુકેશન એન્ડ રીસર્ચ સોસાયટી, **"ઓ" બ્લોક ન્યુ આપાડા બિલ્ડીંગ ચોથો** માળ, સીવીલ હોસ્પિટલ કેમ્પસ, પથિકાશ્રમ હોટલ સામે સેકટર–૧૨, ગાંધીનગરને તા.**૨૫/૦૧/૧૭** સુધીમાં કચેરી સમય દરમ્યાન મળી જાય તે રીતે ટપાલ ધ્વારા રજીસ્ટર પોસ્ટ એડીથી કરવાની રહેશે. રૂબરૂ કે અન્ય કોઈ પણ રીતે મોકલાવેલ અરજી સ્વીકારવામાં આવશે નહીં.

(૨) અરજદારે તમામ માંગેલ વિગતો, અરજી પત્રકમાં અવશ્ય જણાવવાની રહેશે.અધુરી કે ખોટી વિગતો દર્શાવેલ અરજી રદ કરવામાં આવશે.

(૩) અરજી પત્રકમાં મોબાઈલ નંબર અવશ્ય દર્શાવવાનો રહેશે.અને તે જ નંબર ભરતી પ્રક્રિયા પુરી થાય ત્યાં સુધી જાળવી રાખવાનો રહેશે.

(૪) અરજી પત્રકના મથાળે અરજદારે ૩.૫×૨.૫નો ફોટો ચોંટાડવાનો રહેશે.

(૫) અરજદાર અરજીપત્રકમાં પોતાનું નામ સુવાચ્ય અક્ષર શાળાના છોડવાના પ્રમાણપત્રમાં દર્શાવ્યા પ્રમાણે ગુજરાતી તથા અંગ્રેજી ભાષામાં લખવાનું રહેશે. જો નામમાં સુધારો કરવામાં આવેલ હોય તો સરકારી ગેઝેટમાં સુધાર્યા પ્રમાણે નામ લખવાનું રહેશે.

(૬) શૈક્ષણિક લાયકાત, વયમર્યાદા, વય મર્યાદામાં છુટછાટ, અનામત જગ્યાઓ, અરજી ફી, પસંદગીની પધ્ધતિની વિગતો, ઉમેદવાર માટેની સુચનાઓ અને અરજી પત્રક ભરવા બાબતની સુચનાઓ સહિતના વિગતવાર જાહેરાતના કાળજી પૂર્વક પૂરેપૂરો અભ્યાસ કર્યા બાદ જ અરજી પત્રક ભરવું.

(૭) શારીરિક અશકતતા ધરાવતા ઉમેદવારે અરજી ફોર્મમાં પોતાની અશકતતાની ટકાવ દર્શાવવાની રહેશે.

(૮) જીએમઈઆરએસ/ સરકારી / અર્ધ સરકારી /સરકાર હસ્તકના કોર્પોરેશન/ કંપનીઓ/ સોસાયટીમાં સેવા

બજાવતા કર્મચારીઓ સોસાયટીને બારોબાર અરજી કરી શકશે.અને તેની જાણ ઉમેદવારે પોતાની કચેરીના વડાને અરજી કર્યાની તારીખથી દિન—૭માં અચુક કરવાની રહેશે.

(૯) અરજી પત્રક ભરતાં પહેલા વેબસાઈટ પર મુકવામાં આવેલ ઉમેદવાર માટેની સુચનાઓ અને અરજી પત્રક ભરવા બાબતની સુચનાઓ સહિતના વિગતવાર જાહેરાતના કાળજી પૂર્વક પૂરેપૂરો અભ્યાસ કરવો અને ત્યારબાદ જ અરજી પત્રક ભરવું.

## (૯) <u>અરજદારે અરજી પત્રક સાથે નીચેના પ્રમાણપત્રોની નકલ જોડવાની રહેશે.</u>

(૧) શાળા છોડયા અંગેનું પ્રમાણપત્ર

(૨) શૈક્ષણિક લાયકાતનું પ્રમાણપત્ર અને માર્કશીટ (સ્નાતક/અનુસ્નાતક સહિતના તમામ)

(૩) અનુભવનું પ્રમાણપત્ર

(૪) જો નામમાં ફેરફાર કરેલ હોય તો ગેઝેટની નકલ

(૫) એસસી, એસટી, અને સા.શૈ.પ.વર્ગના ઉમેદવારે જાતિ અંગે સક્ષમ અધિકારીના પ્રમાણપત્રની નકલ

(૬) સામાજીક અને શૈક્ષણિક પછાતવર્ગના ઉમેદવારે જાતિના પ્રમાણપત્ર ઉપરાંત ઉન્નત વર્ગમાં સમાવિષ્ટ થતાં નથી તે અંગેનું સક્ષમ અધિકારીનું પ્રમાણપત્ર

(૭) શારીરીક અપંગતા ધરાવતા ઉમેદવારે સબંધિત જીલ્લા તબીબી બોર્ડનું અપંગતા પ્રમાણપત્ર.

(૮) વિધવા ઉમેદવારે વિધવા હોવા અંગેનું તથા પુનઃ લગ્ન નહીં કર્યા અંગેનું સક્ષમ અધિકારીનું પ્રમાણપત્ર અથવા તે મતલબની એફીડેવીટ

(૯) માજી સૈનિક ઉમેદવારે માજી સૈનિક હોવા અંગેનું સક્ષમ અધિકારીનું ઓળખકાર્ડ /પ્રમાણપત્ર

(૧૦) હાલની નોકરી દાતાનું નોકરી મેળવવા અંગે ના વાંધા પ્રમાણપત્ર

## (૧૦) <u>પસંદગીની પ્રક્રિયાઃ</u>

(૧) ઉમેદવારોની પસંદગી, પસંદગી સમિતિ ધ્વારા રૂબરૂ મુલાકાત ધ્વારા કરવામાં આવશે.

(૨) જે ઉમેદવારો જાહેરાતમાં જણાવેલ લાયકાત ધરાવતા હશે તેમને જ રૂબરૂ મુલાકાતમાં બોલાવવામાં આવશે.

(૩) ઉમેદવારોને રૂબરૂ મુલાકાતની તારીખ, સમય અને સ્થળની ટપાલ ધ્વારા જાણ કરવામાં આવશે.

(૪) રૂબરૂ મુલાકાત સમયે પ્રથમ ઉમેદવારના પ્રમાણપત્રોની ચકાસણી કરવામાં આવશે.

(૫) જે ઉમેદવારો રૂબરૂ મુલાકાત સમયે પોતાના અસલ પ્રમાણપત્ર કોઇપણ કારણોસર રજુ કરી શકશે નહિ તો તેમની રૂબરૂ મુલાકાત (ઇન્ટરવ્યુ) કોઇપણ સંજોગોમાં લેવામાં આવશે નહિ. આથી જેની પાસે કોઇપણ કારણોસર હાલમાં અસલ પ્રમાણપત્રો ઉપલબ્ધ ન હોય તો તેમણે રૂબરૂ મુલાકાતની તારીખ પહેલા પોતાના અસલ પ્રમાણપત્ર પોતાની પાસે મેળવી લેવાના રહેશે.

(૬) જાતિનુ પ્રમાણપત્ર, વયમર્યાદા, શૈક્ષણિક લાયકાત, અનુભવ ઉન્નત વર્ગમાં સમાવેશ થતા ન હોય તે અંગેનુ પ્રમાણપત્ર વગેરે જાહેરાત પ્રસિધ્ધ થયાની તારીખની સ્થિતિ ધ્યાનમાં લેવાશે.

(૭) પસંદગી અંગે કુલ ૫૦ ગુણ રાખવામાં આવશે. જેમાં શૈક્ષણિક લાયકાતના ૧૦ ગુણ, અનુભવના ૧૫ ગુણ, અને રૂબરૂ મુલાકાતના ૨૫ ગુણ મળી કુલ ૫૦ ગુણમાથી ૫૦% ગુણ એટલે કે ૨૫ ગુણ મળેવશે તેવા ઉમેદવારોને પસંદગી માટે યોગ્ય ગણી પસંદગી યાદીમાં સમાવવામાં આવશે.

(૮) શૈક્ષણિક લાયકાત અને અનુભવ એ બંનેના ગુણ ટકાના આધારીત છે જ્યાં શૈક્ષણિક લાયકાત માટે ઉમેદવારે નિયત કરેલ શૈક્ષણિક લાયકાતમાં જેટલા ટકા માર્ક મેળવેલ હોય તેમને અનુરૂપ માર્ક પસંદગી સમિતિએ ૧૦ ગુણમાંથી આપવાના રહે. જેમકે જો કોઇ ઉમેદવારે ૬૫ ટકા માર્ક મેળવ્યા હોય તો તેને ૧૦ ગુણમાંથી ૬.૫ ટકા માર્ક આપવાના રહે તે જ પ્રમાણે અનુભવના દરેક વર્ષના અનુભવ માટે ૨ ગુણ એટલે કે ૧ વર્ષના અનુભવ હોય તો ૨ માર્ક અને ૮ વર્ષનો અનુભવ હોય તો ૧૫ માર્ક એમ વધુમાં વધુ ૧૫ માર્ક આપવાના રહેશે. ૭ માસનો અનુભવ હશે તો ૧ માર્ક મળશે.

(૯) અભ્યાસના શૈક્ષણિક લાયકાત બીઝનેશ એડમીનીસ્ટ્રેશનના અનુસ્નાતક અથવા હોસ્પિટલ એડમીનીસ્ટ્રેશન એન્ડ હોસ્પિટલ મેનેજમેન્ટ અથવા હોસ્પિટલ એન્ડ હેલ્થ મેનેજમેન્ટનો પોસ્ટ ગ્રેજ્યુએટ ડીપ્લોમા કોર્ષ છે. ડીગ્રી કોર્ષમાં સામાન્ય રીતે ડીપ્લોમા કરતા પાસીંગ ટકાવારીનું ધોરણ નીચું હોય છે. આથી જે ઉમેદવાર પાસે બીઝનેશ એડમાનીસ્ટ્રેશનની શૈક્ષણિક લાયકાત હોય તેમને ૧૦ માંથી મળવાપાત્ર ગુણમાં બે ગુણનો ઉમેરો કરીને માર્ક આપવાનું રાખીએ એટલે કે જો બીઝનેશ એડમીનીસ્ટ્રેશન અનુસ્નાતક ડીગ્રીમાં ૬૫ ટકા હોય તો ઉમેદવારને ૧૦ ગુણમાંથી મળવાપાત્ર ગુણમાં ૨ ગુણનો ઉમેરો કરીને મળવાપાત્ર ૬.૫ ઉપરાંત વધારાના ૨ માર્ક મળી કુલ ૮.૫ માર્ક આપવાનું ધોરણ રાખીએ. જ્યારે ડીપ્લોમાની શૈક્ષણિક લાયકાત ધરાવનારને ૬.૫ માર્ક મળશે.

(૧૦) અભ્યાસના શૈક્ષણિક લાયકાત ડીગ્રી કે ડીપ્લોમા અનુસ્નાતકના છે અનુસ્નાતક કોર્ષમાં બે પ્રકારના વિદ્યાર્થીઓ પ્રવેશ મેળવે છે. વિજ્ઞાન, વિનયન કે કોમર્સ સ્નાતક અથવા બીબીએ, જેથી સામાન્ય સ્નાતકને મેળવેલ ટકા પ્રમાણે ૧૦માંથી ગુણ આપીએ. એટલે કે ૬૫ ટકા મળવ્યા હોય તો ૬.૫ ગુણ આપીએ જ્યારે બીબીએ થયેલ ઉમેદવારને વધારાના બે ગુણ આપીએ. એટલે કે ૬૫ ટકા હોય તો ૧૦ માંથી ૮.૫ ગુણ મળશે.

(૧૧) વિશેષમાં જો કોઇ ઉમેદવાર વિજ્ઞાન-વિનયન- વાણિજ્ય કે અન્ય કોઇ પણ સ્ટ્રીમમાં અનુસ્નાતક થયા હોય તેમને સ્નાતકમાં મેળવેલ ગુણમાં વધુ એક માર્ક ઉમેરીએ. એટલે કે સ્નાતકમાં ૬૫ ટકા મેળવેલ ઉમેદવાર અનુસ્નાતક પણ કરેલ હોય તો ૭.૫ માર્ક મળશે.

(૧૨) વિધવા ઉમેદવારને તેઓએ મેળવેલ ગુણ ઉપરાંત પાંચ ટકા ગુણ ઉમેરી આપવામાં આવશે.

(૧૩) અરજદારે અરજદારના નિયોક્તાનું 'ના વાંધા પ્રમાણપત્ર' રૂબરૂ મુલાકાત વખતે કે પ્રમાણપત્રની ખરાઈ વખતે અવશ્ય રજુ કરવાનું રહેશે. અન્યથા તેઓ નિમણુંકને પાત્ર બનશે.

(૧૪) આ સંવર્ગની ભરતી પ્રક્રિયામાં આખરી પસંદગી પામેલ ઉમેદવારની નિમણુંક ઠરાવેલ □□□□□□ □□□ □□□□□□ □ □□□સંતોષકારક અજમાયશી પૂર્ણ કરશે તેવા ઉમેદવારોને લાંબા ગાળાની અજમાયશી તરીકે નિમણુંક આપવામ □ □□□

(૧૫) પસંદગી પામેલ ઉમેદવારોની પસંદગી યાદી જીએમઇઆરએસના વેબસાઇટ www.gmers.gujarat.gov.in ઉપર જાહેર કરવામા આવશે.

# ગુજરાત મેડીકલ એજ્યુકેશન એન્ડ રીસર્ચ સોસાયટી

## “ઓ” બ્લોક, ચોથો માળ, આપાડા બિલ્ડીંગ, સીવીલ હોસ્પિટલ કેમ્પસ, સેકટર–૧૨,ગાંધીનગર

(ગુજરાત સરકાર ધ્વારા સ્થાપિત સોસાયટી)

________________________ની જગા માટેનું અરજીપત્રક

૧) પુરેપુરૂ નામ :

(ગુજરાતીમાં) ______________________________

(અંગ્રેજીમાં ) ______________________________

૨. પત્ર વ્યવહારનું સરનામું :-______________________________

( પીન કોડ નંબર સાથે) ______________________________

૩. વતનઃ ________________________

૪. સંપર્ક નંબરઃ

(૧)મોબાઈલ નંબરઃ______________(૨) એસટીડી કોડ નંબર સાથે લેન્ડ લાઈન :__________

(૩) ઈમેઈલ આઈ.ડી. :____________________________________________

૫. જન્મ તારીખઃ________________________ ઉંમરઃ વર્ષ_______ માસ _____ દિવસ _____

૬. (અ) જાતિઃ પુરુષ ☐ મહિલા ☐

(બ) મહિલા ઉમેદવારના કિસ્સામાં વિધવા છે ? હા ☐ ના ☐

(ક) જો વિધવા હોય તો પુનઃલગ્ન કરેલ છે ? હા ☐ ના ☐

૭. (૧) ઉમેદવાર અનામત કેટેગરીના છે કે બિનઅનામત (લાગુ પડતુ હોય તેમાં √ (ટીક )કરવી

અનામત ☐ બિનઅનામત ☐

(૨) જો અનામત કેટેગરીના હોય તો

એસસી ☐ એસટી ☐ એસઈબીસી ☐

(૩) પ્રમાણપત્રની તારીખઃ____________________

(૪) એસઈબીસીના કિસ્સામાં ઉન્નત વર્ગમાં સમાવિષ્ટ ન હોવા નું પ્રમાણપત્ર રજુ કરેલ છે. હા ☐ ના ☐

(૫) જો હા તો તેની તારીખ ___________

૮. ઉમેદવાર

૧.શારીરીક અપંગ છે ? હા ☐ ના ☐ જો હા તો રજુ કરેલ પ્રમાણપત્રનીતારીખ_______

૨.માજી સૈનિક છે ? હા ☐ ના ☐ જો હા તો રજુ કરેલ પ્રમાણપત્રનીતારીખ_______

૩.રમત ગમત ખેલાડી છે ? હા ☐ ના ☐ જો હા તો રજુ કરેલ પ્રમાણપત્રનીતારીખ_______

૯. ઉમેદવાર સરકારી/ અર્ધ સરકારી/ સરકારી બોર્ડ કોર્પોરેશન/ સોસાયટીમાં હાલ ફરજ બજાવતા હોય તો

તે કચેરીનું નામ સરનામું :__________________

હાલની ફરજનો હોદદોઃ___________________

હાલની ફરજમાં જોડાયાની તારીખઃ____________

૧૧. શૈક્ષણિક લાયકાતની વિગતઃ

| ક્રમ | મેળવેલ લાયકાત | બોર્ડ/યુનિ.નું નામ | પાસ કર્યાનું વર્ષ | મેળવેલ ગુણ | કુલ ગુણ ટકા |
|---|---|---|---|---|---|
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |

૧૨. ભાષા અંગેની જાણકારી :

| | વાંચી શકે છે. | લખી શકે છે. | બોલી શકે છે. |
|---|---|---|---|
| ગુજરાતી | ☐ | ☐ | ☐ |
| હિન્દી | ☐ | ☐ | ☐ |
| અંગ્રેજી | ☐ | ☐ | ☐ |

૧૩. જાહેરાતની જગા માટે કોઈ કાયદા હેઠળ રજીસ્ટ્રેશન જરૂરી હોય તો

૧. કાઉન્સિલનું નામઃ ____________________

૨. રજીસ્ટ્રેશન નંઃ_______________ રજીસ્ટ્રેશન તારીખઃ _______________

૧૪ ઉમેદવાર કોમ્પ્યુટરના ઉપયોગ અંગે સરકાર માન્ય સંસ્થાનું પાયાની જાણકારીનું પ્રમાણપત્ર ધરાવે છે ?

☐ ☐ જો હા તો

(અ) પ્રમાણપત્ર એનાયત કરનાર સંસ્થાનું નામ :_____________

(બ) પ્રમાણપત્રની તારીખ:_____________

૧૫. અનુભવની વિગત:

| ક્રમ | સંસ્થાનું નામ | હોદદો | અનુભવ | |
|---|---|---|---|---|
| | | | તા. થી તા. | વર્ષ/ માસ |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |

૧૬. રાષ્ટ્રીયતા:_____________

તારીખ:_____________

સ્થળ : _____________ અરજદારની સહી:_____________

## બાંહેધરી

ઉપર દર્શાવેલ વિગતો સંપૂર્ણપણે સત્ય છે. જો તે ખોટી કે ગેરમાર્ગે દોરનારી જણાય તો મારી અરજી આપોઆપ રદ ગણાશે. અને જે કોઈ કાયદાકીય કાર્યવાહી કરવામાં આવે તે મને બંધનકર્તા રહેશે. જાહેરાતમા દર્શાવેલ તમામ નિયમો અને શરતો મે વાંચી છે, સમજી છે અને કબુલ મંજુર છે.

તારીખ

સ્થળ અરજદારની સહી: